ગુજરાત સમાચાર(/)

# બિઝનેસમાં પુર્રૂષોના ઇગો સાથે ડીલ કરવી સૌથી મુશ્કેલ હોય છે

જીએનએલયુમાં 'અપોર્ચ્યુનિટીઝ એન્ડ ચેલેન્જિસ ફોર વુમન એમ્પાવર્મેન્ટ' પર પેનલ ડિસ્કશનનું આયોજન



જીએનએલયુ સેન્ટર ફોર લૉ એન્ડ સોસાયટી અને લીગલ ઇનક્યુબેશન કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે 'અપોર્ચ્યુનિટીઝ એન્ડ ચેલેન્જિસ ફોર વુમન એમ્પાવર્મેન્ટ' વિષય પર પેનલ ડિસ્કશનનું આયોજન કરાયું હતું, જેમાં ઊષા ઇન્ટરનેશનલના પ્રિતિબાલા પટેલ, વિંગ્સ ટુ ફ્લાયના અર્પિતા વ્યાસ અને વેસ્ટ એંગેજના ફાણી ત્રિવેદીએ ચર્ચા કરી હતી. પેનલ ડિસ્કશનમાં ફાણી ત્રિવેદીએ કહ્યું કે, બિઝનેસમાં ઘણી વખત પુર્રૂષોના ઇગોથી આગળ જઇને નિર્ણયો લેવા કે તેમના ઇગો સાથે ડીલ કરવી ખૂબ જ મુશ્કેલ કામ હોય છે. સ્ત્રીઓએ બિઝનેસમાં પુર્રૂષોની સક્ષમ બનવા માટે પુર્રૂષો કરતા વધારે મહેનત કરવી પડે છે.

મહિલાઓ દ્વારા દેશના ઉધોગોને અપાયેલુ યોગદાન ખૂબ મહત્ત્વનું છે

દેશની વર્તમાન પરિસ્થિત જોઇને કહી શકાય કે દેશને જોબ ક્રિએટરની જર્રૂર છે નહી કે જોબ સીકર. મહિલાઓ દ્વારા દેશના ઉધોગોને અપાયેલું યોગદાન ખૂબ મહત્ત્વનું છે. નાના ગૃહ ઉધોગથી શર્રૂ કરીને આજે ટોપની કંપનીઓમાં પણ મહિલાઓ એક્ઝિક્યુટીવની પોસ્ટ પર જોવા મળે છે. પરંતુ તેની સામે ઘણી કંપનીઓમાં મહિલા કર્મચારીનું શોષણ પણ કરાય છે. - પ્રિતિબાલા પટેલ

ગમતા ક્ષેત્રમાં આગળ વધવા માટે હાર્ડ વર્ક અને કાર્ય નિષ્ઠાની જર્રૂર

વુમન એમ્પાવરમેન્ટ વિશેના ઘણા ઉદાહરણો આપણી આસપાસ જોવા મળે જ છે, જેના પરથી પ્રેરણા લેવી જોઇએ. માત્ર વુમન એમ્પાવર્મેન્ટની વાતો કરવા કરતા તેના માટે કામ કરવું જોઇએ અને લોકોને મોટિવેટ કરવા જોઇએ. પોતાના ગમતા ક્ષેત્રમાં આગળ વધવા માટે હાર્ડ વર્ક અને કાર્ય નિષ્ઠાની જર્રૂર હોય છે. આ બંને ક્વોલિટી દ્વારા વ્યક્તિ ધીમી ગતિએ પરંતુ ચોક્કસ સફળતા મેળવી શકે છે. - અર્પિતા વ્યાસ

Tags : GNLU (/tags/GNLU/1)

G+ in ()

CITY NEWS Ahmedabad